સમીક્ષા93(1) તારીખ1/11/16

**સુનીલ ભારતી મિત્તલ જી.એસ.એમ.એ.ના ચેરમેન તરીકે નિયુક્ત કરાયા...**

૧) ભારતી એન્ટરપ્રાઈઝના સંસ્થાપક અને ચેરમેન સુનીલ ભારતી મિત્તલને 27 ઓક્ટોબર 2016 ના રોજ જી.એસ.એમ.એ.ના ચેરમેનના રૂપમાં નિયુક્ત કરાયા છે.

૨) મિત્તલ હવેથી ફ્રેડરિક બૈકસાસનું સ્થાન લેશે,તેઓનો કાર્યકાળ વર્ષ 2016 માં પૂર્ણ થઇ રહ્યો છે.

૩) આ ઉપરાંત કંપનીએ મૈરી નોઈલી જેગોને ફરી કાર્યકારી ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે.

૪) સુનીલ ભારતી મિત્તલ એક ભારતીય ઉદ્યોગપતિ સમાજસેવી અને ભારતની સૌથી મોટી ટેલીકોમ કંપની એચરટેલના ચેરમેન છે.

૫) વર્ષ 2007 દ્વારા સુનીલ ભારતી મિત્તલને પદ્મ ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૬) વર્ષ 2006 માં તેઓને ફોર્ચ્યુન મેગેઝીન દ્વારા એશિયા બીઝનેસ ઓફ ધ યરથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૭) વોઈસ એન્ડ ડેટાએ મિત્તલને 2006 માં ટેલીકોમ મૈન ઓફ ધ યર પસંદ કરાયા હતા.

**સમીક્ષા94 (1)તારીખ2/11/16**

**લુઈસ હૈમિલ્ટને મેક્સિકન ગ્રા.પ્રિક્સ ખિતાબ જીત્યો...**

૧) મર્સિડીઝના બ્રિટીશ ચાલક લુઈસ હૈમિલ્ટને 29 ઓક્ટોબર 2016 ના રોજ મેક્સિકન ગ્રા.પ્રિક્સ ખિતાબ જીતેલ છે.

૨) બ્રિટીશ ચાલક લુઈસ હૈમિલ્ટને હાલના વિશ્વ ચેમ્પિયન જર્મનીના નીકો રોસબર્ગને હરાવીને આ ખિતાબ જીતેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) નીકો રોસબર્ગ સાથે લુઇસ હૈમિલ્ટન વિશ્વ રૈંકિંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવાથી એક જ જીત દુર છે.

૪) હૈમિલ્ટન વિશ્વના નંબર વન ખેલાડી નીકો રોસબર્ગથી માત્ર 19 અંક પાછળ છે.

૫) લુઇસ હૈમિલ્ટને પોતાની જિંદગીની આ 51 મી રેસ જીત્યા છે.

૬) એફ–વન ડ્રાઈવર લીડરબોર્ડમાં નીકો રોસબર્ગથી 349 અંક સાથે પ્રથમ સ્થાન પર છે,જયારે હૈમિલ્ટન 330 અંકો પર બીજા સ્થાન પર રહેલા છે.

૭) લુઇસ હૈમિલ્ટન ઓક્ટોબર 2016 માં અમેરિકી ગ્રા.પ્રિક્સ ખિતાબ પણ જીતેલ છે.

## સમીક્ષા95 (1)તારીખ3/11/16

**સુશીલ ચંદ્રાએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીઝનો કાર્યભાર સંભાળ્યો...**

૧) ભારતીય રાજસ્વ અધિકારી સુશીલ ચંદ્રાએ 1 નવેમ્બર 2016 થી સી.બી.ડી.ટી.ના નિર્દેશક તરીકેનો કાર્યભાર સંભાળેલ છે.

૨) સુશીલ ચંદ્રા 31 ઓક્ટોબર 2016 ના રોજ સેવા નિવૃત થયેલ રાનીસિંહ નાયરના સ્થાન પર બિરાજશે.

૩) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીઝ ભારતમાં પ્રત્યક્ષ કરનું નિર્ધારણ કરનારી સંસ્થા છે.

૪) આ સંસ્થા કેન્દ્રીય નાણા મંત્રાલય અંતર્ગત આયકર વિભાગની નીતિ બનાવનાર સંસ્થા છે.

૫) સી.બી.ડી.ટી.ના નિર્દેશક ભારત સરકારમાં વરિષ્ઠ આઈ.આર.એસ. અધિકારી હોય છે.

૬) કેન્દ્રીય રાજસ્વ બોર્ડ અધિનિયમ 1963 અંતર્ગત વૈધાનિક પ્રાધિકરણ સંસ્થા છે.

૭) સી.બી.ડી.ટી.ના નિર્દેશકનું પદ વરિષ્ઠ ક્રમાંકમાં મહાલેખા પરીક્ષક, લેફ્ટનન્ટ જનરલ, વાઈસ એડમિરલ, અને એયર માર્શલ,સી.બી.આઈ.નિર્દેશક અને ઉપ નિયંત્રકથી ઉપર હોય છે.

## સમીક્ષા 96(1) તારીખ 4/11/16

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

**દેશના વડાપ્રધાનશ્રીએ  છતીસગઢમાં 'સૌર સુજલા યોજના'નો શુભારંભ કર્યો...**

૧) છતીસગઢ  રાજ્યના 16 માં સ્થાપના દિન વખતે વડાપ્રધાન દ્વારા રાયપુરમાં મહત્વાકાંક્ષી સૌર સુજલા યોજનાનો શુભારંભ કરેલ છે.

૨) છતીસગઢનો સ્થાપના દિનને પાંચ દિવસીય રાજ્યોત્સ્વ શ્યામાપ્રસાદ મુખર્જી મેદાનમાં આયોજિત કરવામાં આવેલ.

૩) રાજ્ય સરકારની સૌર સુજલા યોજનાને દેશભરમાં લાગુ કરવાની મહેચ્છા રાખવામાં આવી છે.

૪) સૌર સુજલા યોજનાના માધ્યમથી ખેડૂતોને વધારે સબસીડી આપીને સૌર ઉર્જાથી ચાલનાર પાણીના પંપ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૫) આ યોજનાથી રાજ્યના 51 હજાર ખેડૂતોને લાભ થશે, જેમાં વર્ષ 2016–17 માં 11 હજાર ખેડૂતોને આવરી લેવામાં આવશે.

૬) છતીસગઢ મુખ્યમંત્રી અનુસાર સિંચાઈ સુવિધા માટે ખેડૂતોને 3 અને 5 હોર્સ પવારના પંપ પણ વિતરિત કરવામાં આવશે.

૭) રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા સિચાઈ પંપ માટે 283,28 કરોડ રૂપિયા અનુદાન કરશે.

**સમીક્ષા 97(1) તારીખ 5/11/16**

**સાઉદી અરબના આઠ વૈજ્ઞાનિકોને જળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા...**

૧) 3 નવેમ્બર 2016 ના રોજ સાઉદી અરબના આઠ વૈજ્ઞાનિકોને પાણી માટે પ્રિન્સ સુલ્તાન બિન અબ્દુલ અજીજ આંતરરાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) આ પુરસ્કાર વૈજ્ઞાનિકોને ન્યુયોર્ક સ્થિત સયુંકત રાષ્ટ્રના કાર્યાલયમાં પ્રદાન કરવામાં આવ્યા હતા.

૩) આ સમારોહની અધ્યક્ષતા વિશ્વ સંસ્થાના મહા સચિવ બાન– કી મુન તથા પુરસ્કાર સમિતિના પ્રમુખ પ્રિન્સ ખાલીદ બિન સુલ્તાન અબ્દુલઅજીજે કરી હતી.

૪) આ પુરસ્કાર જળ સંકટને હળવું કરવા માટે આપવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) પાણી માટે અપાતો આ પુરસ્કાર પ્રિન્સ સુલ્તાન બિન અબ્દુલઅજીજ આંતરરાષ્ટ્રીય સ્તરે દર બે વર્ષે આપવામાં આવે છે.

૬) આ પુરસ્કારની સ્થપના વર્ષ 2002 માં કરવામાં આવી હતી.

૭) આ પુરસ્કારનો ઉદેશ્ય પાણી માટેની સમસ્યાઓ ઘટાડવા અને સમગ્ર વિશ્વને પાણી બચાવવા માટેના કર્યો કરતા લોકોને પ્રોત્સાહન આપવા માટેનો છે.

**સમીક્ષા 98 (1) તા 6/11/16**

**અભિનેતા રણવીર સિંહ સ્વીત્ઝરલૅન્ડ પર્યટનના ભારતીય દૂત નિયુક્ત...**

૧) અભિનેતા રણવીર સિંહને સ્વીત્ઝરલૅન્ડ પર્યટનના 2017 ના અભિયાન નેચર વોન્ટસ યુ બેંકને વધારવા માટે પહેલા ભારતીય રાજદૂત બનાવવામાં આવ્યા છે.

૨) હાલમાં 31 વર્ષીય અભિનેતા રણવીર સિંહ સ્વીત્ઝરલૅન્ડમાં ત્રણ મહિનાની રજા ગાળીને પાછા આવ્યા છે.

૩) સ્વીત્ઝરલૅન્ડ દેશ હંમેશા પોતાની શાંતિ અને પ્રાકૃતિક સુંદરતા માટે જાણીતો છે.

૪) અભિનેતા રણવીર સિંહનું પુરુનામ રણવીર સિંહ ભવનાની છે, તેનો જન્મ 06 જુલાઈ 1985 માં થયો હતો.

૫) આ અભિનેતાએ ઇન્ડીયાના યુનિવર્સીટી બ્લુંમીંગટનમાંથી બી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

૬) વર્ષ 2010 માં રણવીર સિંહે યશરાજ ફીલ્મની ફિલ્મ બેન્ડ બાજા બારાત માટે ઓડીશન આપ્યું હતું, તેમાં તે સફળ રહ્યા હતા.

૭) સ્વીત્ઝરલૅન્ડ મધ્ય યુરોપનો દેશ છે, તેમની 60 ટકા જમીન આલ્પ્સ પર્વતોથી ઘેરાયેલ છે.

**સમીક્ષા 99 (1) તા 7/11/2016**

**લેબનાનમાં ભારતીય રાજદૂત તરીકે સંજીવ અરોડાની નિયુક્તિ કરવામાં આવી...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૧) ઈન્ડીયન ફોરેન સર્વિસ (ભારતીય વિદેશ સેવા) અધિકારી સંજય અરોડાને 31 ઓક્ટોબર 2016 ના રોજ લેબનાનમાં ભારતીય રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) લેબનાન પશ્ચિમ એશિયન વિસ્તારનો દેશ છે, ભારત સાથે તેના સંબંધો વર્ષ 1954 થી ચાલ્યા આવે છે.

૩) સંજીવ અરોડા આ પહેલા પણ કતર દેશમાં ભારતીય રાજદૂત તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

૪) સંજીવ અરોડાએ ભારતના અગત્યના મિશન અંતર્ગત મિસ્ર,સાઉદી અરબ, શ્રીલંકા, જર્મની તેમજ ચેક રિપબ્લિક દેશોમાં પોતાની સેવા આપી ચુક્યા છે.

૫) વર્ષ 1991 થી 1994 સુધી સંજીવ અરોડા વિદેશ મંત્રાલયના ડેસ્ક ઓફિસર તરીકે રહી ચુક્યા છે.

૬) સંજીવ અરોડાએ વર્ષ 2005 થી 2008 સુધી વિદેશ મંત્રાલયના સયુંકત રાષ્ટ્ર (રાજનીતિ) વિભાગમાં પણ કાર્ય કરી ચુક્યા છે.

૭) સંજીવ અરોડા બેંગલુર ખાતે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાંસ્ડ સ્ટડિઝના એસોસિયેટ રહી ચુક્યા છે.

## સમીક્ષા 100 (1) તા 8/11/2016

**પ્રથમ વિશ્વ સુનામી જાગરૂકતા દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 5 નવેમ્બર 2016 ના રોજ વિશ્વમાં પ્રથમવાર સુનામી જાગરૂકતા દિવસ મનાવવામાં આવ્યો.

૨) વર્ષ 2016 ના પ્રથમ વિશ્વ સુનામી જાગરૂકતા દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, પ્રભાવી શિક્ષા અને નિકાસી ડ્રીલ.

૩) આ જાગરૂકતા દિવસ આપદા જોખમ ન્યૂનીકરણ વર્ષ 2016 ના એશીયાઇ મંત્રીસ્તરીય સંમેલન તથા સયુંકત રાષ્ટ્રના આપતિ જોખમ ન્યુનીકરણના સયુંકત સહયોગથી નવી દિલ્હીમાં આયોજન કરવામાં આવ્યું હતું.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) જાપાનમાં આવેલ સુનામીના કારણે 5 નવેમ્બરને સુનામી જાગરૂકતા દિવસના રૂપમાં મનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

૫) સુનામી એટલે દરિયામાં ઉઠનાર મોજાઓને કહેવામાં આવે છે. જે કિનારાના વિસ્તારોમાં તારાજી સર્જે છે.

૬) સમુદ્રમાં ઉઠાનારી લહેર ચંદ્રના ગુરુત્વાકર્ષણ અને ખેંચાણને લીધે ઉત્પન્ન થાય છે.

૭) વર્ષ 1854 માં જાપાનમાં આવેલ સુનામીનું ઉદાહરણ આ દિવસની જાગરૂકતા સમજાવવામાં લેવામાં આવ્યું હતું.

## સમીક્ષા 101 (1) તા 9/11/2016

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અતુલ્ય ભારત અભિયાનનું બ્રાન્ડીંગ કરશે...**

૧) પ્રવાસન ક્ષેત્રને વધારવા માટે કામ કરતી સંસ્થા અતુલ્ય ભારત અભિયાનનું બ્રાન્ડીંગ દેશના વડાપ્રધાનશ્રી કરશે.

૨) હવેથી પ્રવાસન મંત્રાલયે અમિતાભ બચ્ચન અને અન્ય અભિનેતાને બ્રાંડ એમ્બેસેડર બનાવવાની વાતને ટાળી દીધી છે.

૩) વર્ષ 2016 માં અમીરખાન બ્રાંડ એમ્બેસેડર પદ પરથી હટાવાયા બાદ આ પદ ખાલી હતું.

૪) પ્રવાસન મંત્રાલયના કહેવા અનુસાર છેલ્લા અઢી વર્ષોમાં દેશ અને વિદેશમાં વડાપ્રધાનના વક્તવ્યોના વિડિયોનો તેમાં ઉપયોગ કરાશે.

૫) હાલ મંત્રાલય દ્વારા દેશની વિશેષતા દર્શાવતા મોદી સાહેબના વિડીયોને અલગ કરવાની વ્યવસ્થા ચાલી રહી છે.

૬) મંત્રાલય રેડિયો અને ઓડિયો રીલીઝ માટે અલગ-અલગ સમયના બે વિડિયોનો ઉપયોગ કરશે.

૭) પ્રવાસન મંત્રી મહેશ શર્માના કહેવા મુજબ જે દેશમાં વડાપ્રધાન પ્રવાસે ગયા છે, ત્યાંથી પર્યટકો વધારે ભારતમાં આવી રહ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## સમીક્ષા 102 (1) તા 10/11/2016

**ભારતીય મૂળના મહિલાએ ઓસ્ટ્રેલીયામાં બિજનેસ વુમેન ઓફ ધ યર –2016 નો ખિતાબ જીત્યો...**

૧) ભારતીય મૂળના 26 વર્ષના મહિલા ઉપ્પમાં વિર્દીએ ઓસ્ટ્રેલીયામાં બિજનેસ વુમન ઓફ ધ યર–2016 નો ખિતાબ જીતેલ છે.

૨) આ મહિલા ઉપ્પમા વિર્દી ચા વાળાના નામથી જાણીતા છે.

૩) તેઓએ આ સન્માન ઓસ્ટ્રેલીયામાં ભારતીય વ્યવસાયિક સમૂહ તરફથી પ્રદાન કરવામાં આવેલ છે.

૪) ઉપ્પમા વિર્દી વ્યવસાયથી એક કોર્પોરેટ લોયર છે.

૫) ઉપ્પમા વિર્દીના ચા બનાવવાના કીમિયા ના કારણે તેઓ ચા વાળાના નામથી પ્રસિદ્ધ થયા છે.

૬) હાલમાં ઉપ્પમા વિર્દી ફેમસ રીટેલર વેન્ચર ચલાવી રહ્યા છે. આ એક ઓનલાઈન શોપ પણ છે.

૭) ભારતીય સમુદાય દ્વારા ઉપ્પમા વિર્દીની ઉદ્યમશીલતાને વધારવા માટે આપવામાં આવેલ છે.

## સમીક્ષા 103(1) તા 11/11/2016

**નારાયણ દત્ત તિવારી ઉતરાખંડ રત્નથી સન્માનિત કરાયા...**

૧) ઉતરાખંડના મુખ્યમંત્રી હરીશ રાવતે 9 નવેમ્બર 2016 ના રોજ નારાયણ દત્ત તિવારીને ઉતરાખંડ રત્નથી સન્માનિત કરેલ છે.

૨) નારાયણ દત્તને આ સન્માન ઉતરાખંડના 17 માં સ્થાપના દિનની જયંતિ પર પ્રદાન કરવામાં આવ્યું હતું.

૩) ઉતરાખંડ સરકાર દ્વારા પ્રથમવાર રાજ્ય સ્થાપના દિવસ પર ઉતરાખંડ રત્ન સન્માન આપવાનો નિર્ણય કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) આ વર્ષના સન્માનમાં વીર ચંદ્ર ગઢવાલી,શ્રીદેવ સુમન, ઇન્દ્રમણી બડોની, ગૌરા દેવી, માતા મંગલા દેવી, બદ્રીદત્ત પાંડે જયાનંદ ભારતી,અને મહંત ઘનશ્યામ પણ સામેલ છે.

૫) આ સન્માન ઘણા વિદ્વાનોને મરણોપરાંત આપવામાં આવેલ છે.

૬) ઉતરાખંડના મુખ્યમંત્રી દ્વારા આ સ્થાપના દિવસ પર રાજ્ય આંદોલનકારીઓના પેન્શન માટે 18.5 કરોડ રૂપિયા જાહેર કરેલ છે.

૭) નારાયણ દત્ત તિવારી એકમાત્ર એવા નેતા છે કે તે ઉત્તરપ્રદેશ અને ઉતરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રહી ચુક્યા છે.

## સમીક્ષા 104 (1) તા 12/11/2016

**કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી યુવા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો...**

૧) કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલય દ્વારા 9 નવેમ્બર 2016 ના રોજ પ્રધાનમંત્રી યુવા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

૨) આ યોજનાનો ઉદેશ્ય યુવા વર્ગમાં ઉદ્યમિતાને વધારવા માટેનો રહ્યો છે.

૩) આ યોજનાનો કાર્યકાળ પાંચ વર્ષનો 2016–2021 સુધીનો રાખવામાં આવ્યો છે.

૪) આ યોજનાનું કુલ ખર્ચ 499.94 કરોડ રૂપિયા થશે, આ યોજના અંતર્ગત સાત લાખ વિદ્યાર્થીઓને પાંચ વર્ષ સુધી ઉદ્યમિતાની શિક્ષા પ્રદાન કરવામાં આવશે.

૫) આ યોજનામાં ઉચ્ચ શિક્ષાના 2200 કેન્દ્રો,300 વિદ્યાલય, 500 આઈ.ટી.આઈ. અને 50 ઉદ્યોગ કેન્દ્રોને સમાવવામાં આવ્યા છે.

૬) આ સંસ્થામાં ઓપન ઓનલાઈન કોર્સનાં માધ્યમથી પ્રશિક્ષણ આપવામાં આવશે.

૭) કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય ઉદ્યમિતા એવોર્ડની જાહેરાત પણ કરવામાં આવશે. જે વર્ષ 2017 માં 16 જાન્યુઆરીના રોજ પ્રદાન કરાશે.

## સમીક્ષા 105 (1) તા 13/11/2016

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

**ગાય રાયડર આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના નિર્દેશક તરીકે ફરીવાર નિયુક્તિ પામ્યા...**

૧) 7 નવેમ્બર 2016 ના રોજ આગામી પાંચ વર્ષ માટે ગાય રાયડરને ફરીવાર આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના મહા નિર્દેશક તરીકે પસંદ કરાયા છે.

૨) ગાય રાયડર 1 ડીસેમ્બરના રોજ પોતાનો પદભાર ગ્રહણ કરશે.

૩) ગાય રાયડરને 56 માંથી 54 મત પ્રાપ્ત થયા છે. અને તેઓ દસમાં મહાનિર્દેશક બન્યા છે.

૪) વર્ષ 2006 થી 2010 સુધી ગાય રાયડર ઈન્ટરનેશનલ ટ્રેડ યુનિયન સંસ્થાના મહા સચિવ પદ પર હતા.

૫) વર્ષ 2002 થી 2006 સુધી ફ્રી ટ્રેડ યુનિયનોના આંતરરાષ્ટ્રીય સંગઠનના મહા સચિવ તરીકે રહી ચુક્યા છે.

૬) વિશ્વના આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સભ્ય દેશોની સંખ્યા 187 જેટલી છે.

૭) વર્ષ 1969 માં આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠનને વિવિધ દેશોમાં કાર્યરત કારીગરોના હિતોના રક્ષણ કરવા બદલ નોબેલ શાંતિ પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ.

**સમીક્ષા 106 (1) તા 14/11/2016**

**અમિતાભ ઘોષ તાતા લીટરેચર લાઈવ લાઈફટાઇમ અચીવમેંટ પુરસ્કારથી સન્માનિત...**

૧) ભારતીય અમેરિકી કથા લેખક અમિતાભ ઘોષનું ભારતીય સાહિત્યમાં ઉત્કૃષ્ઠ યોગદાન છે.

૨) ઉપરોક્ત હેતુથી અમિતાભ ઘોષને વર્ષ 2016 તાતા લીટરેચર લાઈવ લાઈફટાઈમ અચીવમેંટ એવોર્ડ માટે નોમીનેટ કરવામાં આવ્યા છે.

૩) 20 નવેમ્બર 2016 ના રોજ આયોજિત ચાર દિવસીય તાતા લીટરેચર લાઈવ મુંબઈ સાહિત્ય મહોત્સવ વાર્ષિક પુરસ્કાર સમારોહમાં તેમને આ પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે.

૪) વર્ષ 2015 માં તાતા લીટરેચર અચીવમેંટ લાઈવ લાઈફ ટાઇમ એવોર્ડ કિરણ નાગરકરને આપવામાં આવ્યો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) અમિતાભ ઘોષ એક ભારતીય મૂળના અમેરિકી લેખક છે, તેમણે અંગ્રેજીના ઉપન્યાસ અને ઐતિહાસિક વિષયો પર શોધ અને લેખન કાર્ય કરેલ છે.

૬) વર્ષ 1986 તેઓના પ્રથમ ઉપન્યાસ સર્કિલ ઓફ રીજનને ફ્રાંસના સર્વોચ્ચ અકાદમી પુરસ્કારો માના એક એવા પ્રિક્સ મેડીસીસ એન્ત્રગેર જીત્યો હતો.

૭) તેઓની પ્રખ્યાત બુક્સમાં ઈબીસ ટ્રાયલોજી, સી ઓફ પોપીસ, રીવર ઓફ સ્મોગ અને ફ્લડ ઓફ ફાયર છે.

## સમીક્ષા 107 (1) તા 15/11/2016

**14 નવેમ્બર વિશ્વ ડાયાબિટીસ ડે ઉજવાયો...**

૧) 14 મી નવેમ્બર 1991 થી સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેશનલ ડાયાબીટીસ ફેડરેશન દ્વારા ઉજવવામાં આવે છે.

૨) એક સર્વે મુજબ વિશ્વમાં 40 કરોડ અને ભારતમાં 7 કરોડ વ્યક્તિઓ ડાયાબીટીસના કારણે પીડાઈ રહ્યા છે.

૩) ભારતને ડાયાબીટીસનું પાટનગર કહેવામાં આવે છે, ગુજરાતમાં 60 લાખ લોકો ડાયાબીટીસથી પીડાઈ રહ્યા છે.

૪) ડાયાબીટીસ બે પ્રકારના છે, ટાઈપ-એ, અને ટાઈપ-બી.

૫) વર્ષ 2016 ના ડાયાબીટીસ ડે નો વિષય આઈજ ઓન ડાયાબીટીસ રાખવામાં આવ્યો હતો.

૬) ડાયાબીટીસ ડે ઉજવવાનો ઉદેશ્ય લોકોમાં આ રોગ પ્રત્યે જાગૃતિ આવે તે રહેલો છે.

૭) ડાયાબીટીસને સાયલન્ટ કિલર તરીકે ઓળખવામાં આવે છે.

## સમીક્ષા 108 (1) તા 16/11/2016

**દેશના પ્રથમ બેન્કિંગ રોબોટ લક્ષ્મીએ કાર્ય કરવાનું શરુ કર્યું...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૧) 11 નવેમ્બર 2016 ના રોજ દેશના પ્રથમ બેન્કિંગ રોબોટ લક્ષ્મીએ કાર્ય કરવાનું શરુ કરેલ છે.

૨) આ રોબોટને તમિલનાડુંના કુંબાકોનમમાં આવેલ સીટી યુનિયન બેંક દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.

૩) દેશમાં આ પ્રકારનો પ્રથમ રોબોટ છે, તે ઇન્ટરએક્ટીવ હોવાની સાથે ઝડપથી કામ કરવા માટે પણ સક્ષમ છે.

૪) ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચ.ડી.એફ.ડી. પણ ગ્રાહકોને સમજાવવા માટે રોબોટ બનાવવાની દિશામાં કાર્ય કરી રહી છે.

૫) લક્ષ્મી રોબોટને બનાવવામાં છ માસ જેટલો સમય લાગ્યો હતો, આ રોબોટ 125 વિષયોમાં જવાબ આપવા માટે સક્ષમ છે.

૬) લક્ષ્મી રોબોટ એકાઉન્ટમાં રહેલી રકમથી લઈને હોમ લોન પર વ્યાજના દરો સાથે જોડાયેલા વિષયોમાં મદદ રૂપ થશે.

૭) રોબોટના માધ્યમથી લોકોને પોતાના ખાતાની મહત્વની જાણકારી પ્રાપ્ત કરાવી શકાશે.

## સમીક્ષા 109 (1) તા 17/11/2016

**ન્યુમોનિયા રોકવાના શપથ સાથે વિશ્વ ન્યુમોનિયા દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 12 નવેમ્બર 2016 ના રોજ વિશ્વ ન્યુમોનિયા દિવસ મનાવવામાં આવ્યો, આ દિવસ ન્યુમોનિયા રોકવાના શપથ સાથે મનાવવામાં આવ્યો હતો.

૨) આ અવસરે ન્યુમોનિયા પ્રત્યે જાગરૂકતા લાવવા,રોગને રોકવા, અને ઉપચાર માટે મનાવવામાં આવેલ.

૩) ન્યુમોનિયા વિશ્વમાં પાંચ વર્ષથી ઓછા વર્ષ વાળા બાળકોની મોતનું મુખ્ય કારણ બનનાર રોગ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) આંકડા અનુસાર ન્યુમોનિયા અને તેનાથી બચવા માટે બાળકોની સારસંભાળમાં સાવધાની રાખવી ખાસ જરૂરી છે.

૫) ન્યુમોનીયાથી બચવા માટે વર્ષ 2009 માં વિશ્વ ન્યુમોનિયા દિવસનો આરંભ કરવામાં આવ્યો હતો.

૬) વર્ષ 2015 માં મનાવવામાં આવેલ ન્યુમોનિયા દિવસનો વિષય પ્રત્યેક શ્વાસ સાથે ન્યુમોનિયા રોકવાનો સંકલ્પ હતો.

૭) એક સર્વે મુજબ ન્યુમોનિયા લગભગ 450 મિલિયન લોકોને પ્રભાવિત કરે છે, જે વિશ્વની કુલ જન સંખ્યાના સાત ટકા જેટલી થાય છે.

## સમીક્ષા 110 (1) તા 18/11/2016

**મહારાષ્ટ્ર રાજ્ય ફ્લાઈ એશ નીતિ અપનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું...**

૧) 15 નવેમ્બર 2016 ના રોજ મહારાષ્ટ્ર ભારતનું પ્રથમ એવું રાજ્ય બન્યું કે જેણે ફ્લાઈ એશ ઉપયોગીતા નીતિ અપનાવી હોય.

૨) આ નીતિ કચરામાંથી પૈસા બનાવીને પર્યાવરણ સંરક્ષણ દ્વારા સમૃદ્ધિનો માર્ગ કંડારશે.

૩) આ નીતિને લાગુ કરવાનો આ નિર્ણય રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસની અધ્યક્ષતામાં લેવામાં આવેલ છે.

૪) નીતિની મુખ્ય બાબતોમાં તાપ વિદ્યુત એકમો અને બાયોગેસ એકમોથી પેદા થનાર તમામ ફ્લાઈ એશનો ઉપયોગ નિર્માણની ગતિવિધિઓમાં થાય તે જોવાશે.

૫) આ ફ્લાઈ એશથી ઈંટો, બ્લોક,ટાઈલ, દીવાલ, પૈનલ, સિમેન્ટ, અને અન્ય નિર્માણ સંબંધી સામગ્રી બનાવવામાં આવશે.

૬) નીતિ આ ફ્લાઈ એશનો ઉપયોગ વીજળી સંસ્થાઓના 300 કિલોમીટરના વિસ્તારમાં કરવાની મંજુરી આપે છે.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) ફ્લાઈ એશએ કોલસાના દહનથી ઉત્પન્ન થનાર એવો ધુમાડો છે કે જે વાતાવરણને હાનિકારક છે, પરંતુ તેનો સકારાત્મક ઉપયોગ હવે શક્ય છે.

## સમીક્ષા 111 (1) તા 19/11/2016

**16 નવેમ્બરને રાષ્ટ્રીય પત્રકારિતા દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 16 નવેમ્બર 2016 ના રોજ ભારતીય પ્રેસ પરિષદ દ્વારા દિલ્હીમાં સુવર્ણ જયંતી મનાવવામાં આવી.

૨) આ અવસર પર પ્રધાનમંત્રી દ્વારા પત્રકારિતામાં ઉત્કૃષ્ઠ યોગદાન આપનાર પત્રકારોનું સન્માન પણ આપવામાં આવેલ.

૩) સ્વતંત્ર અને જવાબદાર પ્રેસના પ્રતિક સ્વરૂપે 16 નવેમ્બરને પ્રતિવર્ષ પ્રેસ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

૪) પત્રકારિતા સમાજના તમામ વર્ગોને સ્પર્શતો વર્ગ છે, એક સ્વસ્થ્ય લોકતંત્ર માટે પ્રેસની અગત્યની ભૂમિકા રહેલ છે.

૫) સરકારની નવી પ્રિન્ટ મીડિયા જાહેરાત નીતિના અનુસાર આ પેનલ પ્રક્રિયામાં છૂટ પ્રદાન કરી પ્રાદેશિક ભાષાઓ અને બોલીઓ અને મધ્યમ સમાચાર પત્રોને સમાન રૂપથી વિશેષ પ્રોત્સાહન પ્રદાન કરશે.

૬) સોશ્યલ મીડિયા આ જગતનું એક નવું પ્રચાર માધ્યમ છે, જે સહજ અને ક્રિયાત્મક છે.

૭) આ પ્રસંગે પત્રકારિતામાં ઉત્કૃષ્ઠતા માટે મુખ્ય પત્રકારો અને ફોટો પત્રકારોને સન્માનિત કરવામાં આવ્યો હતા.

## સમીક્ષા 112 (1) તા 20/11/2016

**અલીગઢ શહેર સ્વચ્છ ભારત જાગરૂકતા અભિયાનમાં પ્રથમ આવ્યું...**

૧) શહેરી વિકાસ મંત્રાલય દ્વારા શરુ કરાયેલ સ્વચ્છ સર્વેક્ષણ 2017 ના અનુસંધાને 500 શહેરોમાં અલીગઢને પ્રથમ સ્થાન આપવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) અલીગઢને આ સ્થાન જરૂરી પાક્ષિક વિષયગત ગતિવિધિઓને અનુસંધાને ચલાવવામાં આવેલ જાગરૂકતા અંતર્ગત પ્રદાન કરવામાં આવેલ છે.

૩) અલીગઢે સર્વાધિક અંક કેન્દ્રીય મંત્રાલયની આઈ.ઈ.સી.(સૂચના, સંચાર અને શિક્ષણ) સંદર્ભે મેળવેલ છે.

૪) સ્વચ્છ સર્વેક્ષણ–2017 ના અન્ય માનાંકોનું મૂલ્યાંકન ભારતીય ગુણવત્તા પરિષદ દ્વારા કરવામાં આવેલ છે.

૫) આઈ.ઈ.સી. અનુસંધાને તમામ શહેરોમાં પાર્કો, સરકારી કાર્યાલયો, આવાસીય કોલોની,પર્યટન સ્થળો અને સાફ–સફાઈ અને સફાઈ કામગીરી પર રીપોર્ટ કરવામાં આવશે.

૬) અલીગઢ સિવાયના અન્ય શહેરો વસઈ–વિરાર, હૈદરાબાદ, ગુરુગ્રામ, ચંડીગઢ, મદુરાઈ, વડોદરા, રાજકોટ, તિરુપતિ અને મૈસુરનો સમાવેશ થાય છે.

૭) સૂચના, શિક્ષણ અને સંચારના પ્રયાસો પર આ કાર્યક્રમ દરમિયાન શૌચાલયોની કાર્યક્ષમતાને વધારવા માટે 500 શહેરો સ્વચ્છ સર્વેક્ષણમાં વિશેષ મહત્વ આપવામાં આવેલ છે.

**સમીક્ષા 113 (1) તા 21/11/2016**

**અંધજનો માટે આયોજિત ટી–20 વિશ્વકપની મેજબાની ભારત કરશે...**

૧) આગામી વર્ષ 31 જાન્યુઆરીથી 12 ફેબ્રુઆરી 2017 સુધી અંધજનો માટે આયોજિત ટી–20 ક્રિકેટ વિશ્વકપની મેજબાની ભારત કરશે.

૨) આ વિશ્વકપમાં પાકિસ્તાન દેશ પણ ભાગ લેશે.

૩) ટુર્નામેન્ટની પ્રથમ મેચ ભારત અને વેસ્ટઈન્ડીઝ વચ્ચે દિલ્હીમાં રમાશે. અને ફાઈનલ મેચ બેંગલુરુમાં આયોજિત કરાશે.

૪) ટુર્નામેન્ટની અન્ય ટીમોમાં ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ,ઈંગ્લેંડ,દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળની ટીમો ભાગ લેશે.

૫) ટી–20 અંધજન વિશ્વકપ ક્રિકેટના બ્રાંડ એમ્બેસેડર રાહુલ દ્રવિડ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૬) અંધજન ક્રિકેટ વિશ્વકપનું આયોજન વિશ્વ અંધજન ક્રિકેટ પરિષદ દ્વારા કરવામાં આવે છે.

૭) પ્રથમ અંધજન વિશ્વકપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વર્ષ 1998 માં કરવામાં આવ્યું હતું, પ્રથમ અંધજન ટી–20 વિશ્વકપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વર્ષ 2012 માં કરવામાં આવ્યું હતું.

## સમીક્ષા 114 (1) તા 22/11/2016

**ભારતના સંરક્ષણ મંત્રી મનોહર પારીકર દ્વારા આઈ.એન.એસ.ચેન્નાઈનું જલાવતરણ કરવામાં આવ્યું...**

૧) 21 નવેમ્બર 2016 ના રોજ ભારતના સંરક્ષણ મંત્રી દ્વારા આઈ.એન.એસ.ચેન્નાઈનું જલાવતરણ કરવામાં આવ્યું છે.

૨) આ કોલકાતા શ્રેણીનું ત્રીજું નિર્દેશિત મિસાઈલ વિધ્વસંકનું સ્વદેશી ડિઝાઈન છે.

૩) મુંબઈમાં મજગાંવ ડોક શીપબિલ્ડર્સ લીમીટેડમાં આ જહાજનું નિર્માણ સાથે જ આ પરિયોજના 15 એ.પૂર્ણ થયેલ છે.

૪) આ પરિયોજના કોલકાતા શ્રેણીના નિર્દેશિત મિસાઈલ વિધ્વસંક બનાવવા માટે શરુ કરવામાં આવી હતી.

૫) 164 મીટર લાંબુ આઇ.એન.એસ. ચેન્નાઈ સપાટીથી સપાટી પર માર કરવા માટે સક્ષમ છે.

૬) સુપર સોનિક બ્રહ્મોસ મિસાઈલ અને સપાટીથી હવામાં લાંબા અંતર સુધી વાર કરવા માટે બરાક –8 મિસાઈલ પ્રણાલી છે.

૭) આ શ્રેણીના પ્રથમ જહાજનું નામ આઈ.એન.એસ. કોલકાતા હતું, તેનું 16 ઓગસ્ટ 2014 ના રોજ જલાવતરણ કરવામાં આવેલ.

## સમીક્ષા 115 (1) તા 23/11/2016

**47 માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનો ગોવામાં શુભારંભ થયો...**

૧) 21 નવેમ્બર 2016 ના રોજ 47 માં ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવની શરૂઆત ગોવામાં કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) અભિનેતા સુશાંત સિંહ રાજપૂત તેમજ સુચના અને પ્રસારણના સચિવ અજય મિત્તલ અન્ય દ્વારા આ મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો.

૩) આ મહોત્સવની શરૂઆત મહાન પોલીશ લેખક અને નિર્દેશક અન્દ્રેજ વાજદાની ફિલ્મ 'આફ્ટર ઈમેજ' થી કરવામાં આવી હતી.

૪) 'આફ્ટર ઈમેજ' ફિલ્મ મહાન ચિત્રકાર બ્લાદીસ્લોવ સ્ટ્રેજીમેસ્કીના જીવન પર આધારિત છે.

૫) આ મહોત્સવમાં 90 દેશોની લગભગ 300 ફિલ્મો દેખાડવામાં આવશે.

૬) આ મહોત્સવમાં ભારતીય સિનેમામાં મહિલાઓનું યોગદાન માટે એક વિશેષ પ્રસ્તુતિ 'મહિલાઓ માટે ગીત'ની કરવામાં આવેલ.

૭) આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય કાઉન્સિલ ઓફ ફિલ્મ એન્ડ ટેલીવિઝન દ્વારા પેરીસ તથા યુનેસ્કોના સહયોગથી શાંતિ અને સહિષ્ણુતા તથા અહિંસાના વિચારોની પ્રસ્તુતિ કરનારી ફિલ્મોને 'યુનેસ્કો ગાંધી શાંતિ પુરસ્કારો'થી સન્માનિત કરવામાં આવશે.

## સમીક્ષા 116 (1) તા 24/11/2016

**ઈન્ફોસીસ સાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઈન્ફોસીસ પુરસ્કાર–2016 ના વિજેતાઓ જાહેર કરાયા..**

૧) 18 નેવેમ્બર 2016 ના રોજ ઈન્ફોસીસ સાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઈન્ફોસીસ પુરસ્કાર–2016 ના વિજેતાઓ જાહેર કરવામાં આવેલ છે.

૨) આ પુરસ્કાર છ વિભાગમાં પ્રદાન કરવામાં આવે છે.

૩) આ છ વિભાગમાં એન્જીનીયરિંગ અને કમ્પ્યુટર વિજ્ઞાન, માનવીય શ્રેણી, ગાણિતિક વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાનનો સમાવેશ થાય છે.

૪) દરેક શ્રેણીમાં પુરસ્કાર અંતર્ગત 65 લાખ રૂપિયા,22 કેરેટ સોનાનું મેડલ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૫) ઈન્ફોસીસ પ્રાઈઝ–2016 માટે પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન 7 જાન્યુઆરી 2017 ના રોજ બેંગલુરુ માં કરવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૬) ઈન્ફોસીસ પુરસ્કારની સ્થાપના વર્ષ 2009 માં થયેલ છે.

૭) દરેક ક્ષેત્રના નિષ્ણાંત વ્યક્તિઓને પોતાના ક્ષેત્રમાં પ્રદાન બદલ આ પુરસ્કાર આપવામાં આવે છે.

## સમીક્ષા 117 (1) તા 25/11/2016

**ભૌતિકશાસ્ત્રી પ્રોફેસર એમ.જી.કે.મેનનનું આવસાન થયું...**

૧) 22 નવેમ્બર 2016 ના રોજ  ભૌતિકશાસ્ત્રી પ્રોફેસર એમ.જી.કે.મેનનનું આવસાન થયું છે.

૨) હાલના સમયમાં એમ.જી.કે.મેનન 88 વર્ષની વયના હતા, તેનું અવસાન દિલ્હીમાં થયેલ છે.

૩) તેઓએ છેલ્લા પાંચ દશકમાં દેશમાં વિજ્ઞાન અને પ્રદ્યોગીકી વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપેલ છે.

૪) પ્રધાનમંત્રી વી.પી.સિંહની સરકારમાં પ્રોફેસર મેનન વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી હોદ્દાના રાજ્ય મંત્રી બની ચુક્યા છે.

૫) મેનન વર્ષ 1972 માં ભારતીય અંતરીક્ષ શોધ સંગઠનના અધ્યક્ષ તરીકે રહી ચુક્યા છે.

૬) તેઓને 35 વર્ષની વયે તાતા ઇન્સ્ટીટ્યુટ ઓફ ફંડામેન્ટલ રીસર્ચના નિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

૭) પ્રો.એમ.જી.કે.મેનન વર્ષ 1982 થી 1989 સુધી યોજના આયોગના સદસ્ય પણ રહી ચુક્યા હતા.

## સમીક્ષા 118 (1) તા 26/11/2016

**મર્ચેન્ટ નેવી કેપ્ટન રાધિકા મેનન બહાદુરી પુરસ્કારથી સન્માનિત કરાયા...**

૧) 21 નવેમ્બર 2016 ના રોજ  મર્ચેન્ટ નેવી કેપ્ટન રાધિકા મેનનને બહાદુરી પુરસ્કારથી સન્માનિત કરાયા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) કેપ્ટન રાધિકા મેનન લંડનમાં આયોજિત આંતરરાષ્ટ્રીય સમુદ્રી સંગઠનના મુખ્ય કાર્યાલયમાં આયોજિત પુરસ્કાર સમારોહમાં સન્માનિત કરાયા છે.

૩) રાધિકા મેનનને આ પુરસ્કાર બંગાળની ખાડીમાં નાટકીય ઢંગથી માછલી પકડનાર સાત માછીમારોને બચાવવા બદલ આપવામાં આવેલ છે.

૪) રાધિકા મેનન ઈન્ટરનેશનલ મરીન ઓર્ગેનાઈઝેશન દ્વારા પુરસ્કૃત થનાર પ્રથમ મહિલા બન્યા છે.

૫) રાધિકા મેનન તેલ ઉત્પાદન ટેંક સંપૂર્ણ સ્વરાજના માસ્ટર છે.

૬) તેઓ ભારતીય મર્ચેન્ટ નેવીમાં પ્રથમ મહિલા કપ્તાન બનેલા છે.

૭) ભારત સરકાર દ્વારા પણ આ સાત માછીમારોને બચાવવા બદલ કેપ્ટન મેનનને અભિનંદન આપવામાં આવ્યા આવ્યા હતા.

## સમીક્ષા 119 (1) તા 27/11/2016

**કેન્દ્ર સરકાર દ્વારા 62 નવા જવાહર નવોદય વિદ્યાલય ખોલવાની મંજુરી આપી...**

૧) 23 નવેમ્બર 2016 ના રોજ 62 જિલ્લાઓમાં જવાહર નવોદય વિદ્યાલય ખોલવાની મંજુરી પ્રદાન કરેલ છે.

૨) આ એવા જિલ્લાઓ છે કે ત્યાં એકપણ જવાહર નવોદય વિદ્યાલય ખુલેલ નથી.

૩) આ પરિયોજના માટે કુલ ખર્ચ 2871 કરોડ રૂપિયા થશે, આ યોજના અંતર્ગત ગુજરાત, દિલ્હી, જમ્મુ કાશ્મીર, છતીસગઢ, અને ઉત્તરપ્રદેશ રાજ્યમાં લાભ મળશે.

૪) 12 મી યોજના અંતર્ગત તેમાં પૂરું ખર્ચ 109.53 કરોડ રૂપિયા આવશે.

૫) દેશમાં 35 રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશોના 576 જિલ્લાઓમાં 598 નાવોદયની મંજુરી આપવામાં આવી છે, તેમાંથી 591 હાલ કાર્યરત છે.

૬) જવાહર નવોદય વિદ્યાલય ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા ચાલાવવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) જવાહર નવોદય વિદ્યાલયની સ્થાપના વર્ષ 1985 માં કરવામાં આવી હતી.

## સમીક્ષા 120 (1) તા 28/11/2016

**કેન્દ્ર સરકાર દ્વારા યુદ્ધવિર સિંહ મલિકને રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણના ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) નવેમ્બર 2016 ના ત્રીજા સપ્તાહમાં ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણના ચેરમેન તરીકે યુદ્ધવિર સિંહને નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) હવેથી યુદ્ધવિર સિંહ પૂર્વ ચેરમેન રાઘવ ચંદ્રનું સ્થાન લેશે.

૩) રાઘવ ચંદ્ર હવે રાષ્ટ્રીય અનુસુચિત જાતિ આયોગમાં સચિવ તરીકે પદભાર ગ્રહણ કરશે.

૪) યુદ્ધવિર સિંહ મલિક વર્ષ 1983 ની બેંચના હરિયાણા કેડરના આઈ.એ.એસ. અધિકારી છે.

૫) આ પહેલા યુદ્ધવિર સિંહ મલિક નીતિ આયોગમાં વિશેષ સચિવ તરીકે કાર્યભાર સંભાળતા હતા.

૬) ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને અંતર્ગત કાર્ય કરે છે.

૭) ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણની રચના અધિનિયમ વર્ષ 1988 દ્વારા કરવામાં આવી હતી.

## સમીક્ષા 121 (1) તા 29/11/2016

**શ્વેત ક્રાંતિના પિતામહ ડો.વર્ગીસ કુરીયનની યાદમાં રાષ્ટ્રીય દુગ્ધ દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 26 નવેમ્બર 2016 ના રોજ ભારતીય ડેરી ક્ષેત્રએ રાષ્ટ્રીય દુગ્ધ દિવસ મનાવ્યો.

૨) આ દિવસ શ્વેત ક્રાંતિના પ્રણેતા ડો. વર્ગીસ કુરીયનની 95 મી જન્મ જયંતિ પર મનાવવામાં આવેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) ભારતીય ડેરી ક્ષેત્રમાં સામેલ રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ અને ભારતીય ડેરી સંઘ 22 રાજ્ય સ્તરના દૂધ સંઘ તેમાં ગુજરાત સહકારી દૂધ વિપણન સંઘ જે અમૂલની પ્રોડક્ટ આપે છે તે સામેલ છે.

૪) અમુલ દ્વારા આ દિવસને મનાવવા માટે અન્ય કાર્યક્રમો સિવાય સ્કુલ અભિયાનો, યુવા વાર્તાલાપ, સંસ્થાઓની મુલાકાત, દૂધ પીવાની સ્પર્ધા જેવા વિવિધ કાર્યક્રમો આયોજિત કરેલ.

૫) ડો કુરિયનની જયંતિ પર રાષ્ટ્રીય દુગ્ધ દિવસ મનાવવાનો વિચાર સૌપ્રથમવાર આઈ.ડી.એ. દ્વારા આપવામાં આવ્યો હતો.

૬) આ વિચાર વૈશ્વિક સ્તરે દર વર્ષે 1 જુન 2001 થી મનાવવામાં આઈ રહેલ વિશ્વ દુગ્ધ દિવસ પર રજુ કરવામાં આવ્યો હતો.

૭) ડો.વર્ગીસ કુરીયનને ભારતમાં મિલ્ક મેન તરીકે પણ ઓળખવામાં આવે છે.

## સમીક્ષા 122 (1) તા 30/11/2016

**કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણમંત્રીએ ઈ–પશુ હાટ પોર્ટલ લોન્ચ કર્યું...**

૧) કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણમંત્રી રાધા મોહનસિંહે 26 નવેમ્બર 2016 ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય દુગ્ધ દિવસના અવસર પર ઈ–પશુ હાટ પોર્ટલ લોન્ચ કરેલ છે.

૨) આ અવસર પર કેન્દ્રીય કૃષિમંત્રીએ પ્રથમવાર બોવાઈન ઉત્પાદકતા મિશન અંતર્ગત ઈ–પશુ હાટ પોર્ટલ સ્થાપિત કરેલ છે.

૩) આ પોર્ટલ દેશી જાતોના પ્રજનકો તેમજ ખેડૂતો વચ્ચે કડી જોડવામાં મદદ રૂપ થશે.

૪) આ પોર્ટલથી ખેડૂતો દેશી જાતની ભેસ અને ગાય ખરીદી અને વહેંચી શકશે.

૫) આ પ્રકારના પોર્ટલ ડેરી વિકાસ ક્ષેત્રમાં પણ ઉપલબ્ધ નથી તે સુવિધા ભારતના ખેડૂતોને મળશે.

૬) આ પોર્ટલ ખેડૂતથી ખેડૂત અને ખેડૂતથી સંસ્થાઓના વ્યવહારો વધારે મહત્વપૂર્ણ બનશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) વિશ્વમાં સૌથી વધારે પશુ ધરાવતો દેશ ભારત છે, ત્યારે આ પોર્ટલ દેશના લોકોને વધારે મહત્વપૂર્ણ સાબિત થશે.

**– પરેશ ચાવડા**

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**